# પ્રજાકીય સક્રિયતા એ સાચી અંજલિ

**રશિયન ક્રાંતિ અને ગુજરાતી સાહિત્યમાં ટૂંકી વાર્તાની શરૂઆત થઇ તેની શતાબ્દીની વાત આપણે ફરી ક્યારેક કરીશું પરંતુ અહીં તો ઇંદિરા ગાંધીની જન્મશતાબ્દી નિમિત્તે તેમણે ઓરિસ્સાના ભુવનેશ્વર ખાતે આપેલી એ યાદગાર અંતિમ સ્પીચની વાત કરીને તેનું અર્થઘટન રજૂ કર્યું છે.**



માત્ર ધારણાઓના આધારે જીવન ન ચાલે એવી એક દૃઢ માન્યતા છે અને તે મહદંશે સાચી પણ છે. પણ બીજી રીતે જોઇએ તો એમ કહી શકાય કે કેટલાક કિસ્સાઓ, કેટલીક બાબતો એવી હોય છે જેના સંદર્ભમાં જો આ વાત મૂકવામાં આવે તો તે ખોટી પણ હોઇ શકે. ૨૦૧૭ના વર્ષના સંદર્ભમાં પણ કંઇક આવું જ છે.

૨૦૧૭નું આ વર્ષ એક વિશિષ્ટ વર્ષ છે. આ દેશના ઇતિહાસમાં એક યુગ-પ્રવર્તક વર્ષ તરીકે નોંધાઇ જવાની ભરપૂર શક્યતાઓ આ વર્ષમાં ભરેલી પડી છે. આ આખી વાત ૧૯૧૭માં બનેલી કેટલીક ઘટનાઓનો આધાર લઇને કરી છે એટલે સૌપ્રથમ તે ઘટનાઓ કઇ કઇ તે બહુ ટૂંકમાં જોઇ લઇએ. પ્રથમ વિશ્વયુદ્ધ પરોક્ષ રીતે જેમાં નિમિત્ત બન્યું તે અને જેનાથી રશિયાની ઝારશાહીનો અંત આવ્યો તેવી રશિયન ક્રાંતિનું આ શતાબ્દી વર્ષ છે. એ જ રીતે ગુજરાતી સાહિત્યમાં ટૂંકી વાર્તાના સાહિત્ય સ્વરૂપની વિધિવત્ શરૂઆત થઇ તે ઘટનાને પણ આ વર્ષે ૧૦૦ વર્ષ પૂરાં થયાં છે અને એક ત્રીજી બાબત એ કે આ દેશને વિશ્વના નકશા પર એક મજબૂત રાષ્ટ્ર તરીકે મૂકી આપનાર ભૂતપૂર્વ વડાપ્રધાન ઇંદિરા ગાંધીની પણ આ વર્ષે જન્મશતાબ્દી છે. આ દેશના ઇતિહાસમાં ઘણા ચાવીરૂપ પુરવાર થયેલા સમયગાળા દરમ્યાન તેમણે શાસનની ધુરા સંભાળેલી અને રાષ્ટ્રના ઘડતરકાળના પડકારોનો મક્કમતાથી સામનો કરી તેની ભાવિ પ્રગતિનો માર્ગ તૈયાર કરેલો.

ઉપરોક્ત ત્રણ પૈકી રશિયન ક્રાંતિ અને ગુજરાતી સાહિત્યમાં ટૂંકી વાર્તાની શરૂઆત થઇ તેની શતાબ્દીની વાત આપણે ફરી ક્યારેક કરીશું પરંતુ અહીં તો ઇંદિરા ગાંધીની જન્મશતાબ્દી નિમિત્તે તેમણે ઓરિસ્સાના ભુવનેશ્વર ખાતે આપેલી એ યાદગાર અંતિમ સ્પીચની વાત કરીને તેનું અર્થઘટન રજૂ કર્યું છે.

ઇંદિરા ગાંધીની એ સ્પીચ આજે પણ યાદગાર તો છે જ પણ ઇંદિરાએ પોતાની હત્યાની સંભાવનાનો ઉલ્લેખ આ સ્પીચમાં કરેલો અને તે પછીના જ દિવસે તેમની આગાહી સાચી પડતાં આ સ્પીચને તે સાચી ઠરેલી આગાહી સાથે જોડીને જ એક 'યાદગાર વક્તવ્ય'નો દરજ્જો આપી દેવાયો છે. ચોક્કસ આ બાબત મહત્ત્વની છે જ અને તે રીતે પણ આ સ્પીચને યાદગાર ગણી જ શકાય પણ અહીં કહેવાનું તાત્પર્ય એ છે કે માત્ર આ એક બાબત એવી નથી જે આ સ્પીચને યાદગાર બનાવે છે. આ બહુચર્ચિત બાબત ઉપરાંત પણ આ આખા વક્તવ્યમાં અન્ય એવી ઘણી બાબતો છે જે તેને યાદગાર બનાવે છે.

આ વક્તવ્યની વિગતોમાં જઇએ તે પહેલાં એક સ્પષ્ટતા કરી લઇએ કે અગાઉ ક્યારેય નહોતી એટલી જરૂર ઇંદિરા ફેઇમ મક્કમતાની આજના સમયમાં છે તે બાબત આજના રાજકારણથી માંડીને સમાજજીવનમાં દરેક જણ અનુભવે છે છતાં કંઇક અંશે આશ્ચર્યની કહી શકાય તેવી વાત એ છે કે આ લાંબું વક્તવ્ય સત્તાવાર રીતે મૂળ સ્વરૂપમાં ભાગ્યે જ ક્યાંય ઉપલબ્ધ છે અને તે ઉપલબ્ધ છે ત્યાં તેમાં હત્યાની સંભાવનાવાળો હિસ્સો જ હાઇલાઇટ કરાયો છે. આ અંગે ખાંખાંખોળા કરતાં માંડ તે મૂળ ભાષણ સંપૂર્ણ સ્વરૂપમાં મળ્યું અને તે પણ આજના સોશિયલ મિડિયાના જમાનામાં કોઇકના બ્લોગ પર મૂકેલી પોસ્ટ દ્વારા અને તે પોસ્ટ સુધી પહોંચવા માટે પણ આ સ્પીચનો યુટ્યુબ પર મૂકેલો વિડિયો અને તેની સાથે આપેલી એક લિન્ક કામ લાગ્યા. આ પણ આ લેખનું એક પ્રેરકબળ છે. સૌપ્રથમ તે વક્તવ્યનો

સાર ટૂંકમાં જોઇએ. આ વક્તવ્ય વિશે એક વાક્યમાં કહેવું હોય તો કહી શકાય કે તેમાં આપણા દેશની તે સમયની, કહો કે તે સમય સુધીની સિદ્ધિઓ ગણાવીને તેમના સમય પછીના સમયમાં એટલે કે તે સમય પછીના ભવિષ્યમાં આવનારા પડકારોનો ઉલ્લેખ કરીને તેમનો સામનો કરવા એકજૂટ થવાની અપીલ પણ કરી છે. ઉલ્લેખનીય છે કે જો ઇંદિરા ગાંધી વડાપ્રધાન તરીકે ચાલુ રહ્યાં હોત તો તેમની સરકારની ટર્મ સત્તાવાર રીતે ૧૯૮૫માં પૂરી થતી હતી એટલે ૩૦ ઓક્ટોબર, ૧૯૮૪ના રોજનો તેમનો એ ઓરિસ્સા પ્રવાસ એ સત્તાવાર રીતે તો તે સમયે નજીક આવી રહેલી ચૂંટણી માટેના પ્રચાર અભિયાનના ભાગરૂપ હતો અને ૩૦ ઓક્ટોબર,૧૯૮૪ના રોજનું તેમનું એ વક્તવ્ય પણ આમ તો એ ચૂંટણીપ્રચારના ભાગરૂપ જ હતું. પરંતુ હવેના સંપૂર્ણપણે બદલાયેલા સમય અને માહોલમાં આપણે તે વક્તવ્યને મૂલવીએ તો એ ભાવિ પરિવર્તનો અને પડકારો જોઇ શકનાર કોઇ આર્ષદ્રષ્ટાએ ઉચ્ચારેલી ચેતવણી સમાન લાગે છે અને એટલે જ આ વક્તવ્યનું વ્યવસ્થિત દસ્તાવેજીકરણ થાય તે જરૂરી પણ છે એ આખું વક્તવ્ય જોઇએ તો એમાં ઇંદિરા ગાંધી કહે છે, "ભારત એક એવો દેશ છે જેણે ક્યારેય સામે ચાલીને અન્ય કોઇ દેશ પર જોર-જબરદસ્તી કે આક્રમણ કર્યા નથી પણ હા, જ્યારે પોતાના પર આક્રમણ થયું ત્યારે જડબાતોડ જવાબ ચોક્કસપણે આપ્યો છે. આપણો સુદીર્ઘ ઇતિહાસ એ બાબતનો સાક્ષી છે કે બહારથી આવીને આપણા પર ઘણાએ આક્રમણ કર્યું. આ ઉપરાંત બહારથી-બીજા દેશોમાંથી-આવેલા લોકો(વિદેશીઓ) પણ આપણા દેશમાં આવીને વસ્યા છે. આપણે તેમને 'આપણા' ગણીને આપણી વચ્ચે સમાવી લીધા છે અને તેઓ પણ 'સવાયા ભારતીય' પુરવાર થઇને પૂરેપૂરા હક્કથી ભારતમાં રહ્યા છે, ભારતીયો સાથે ભળી ગયા છે. આ લોકો આપણા સ્વાતંત્ર્યસંગ્રામમાં આપણી સાથે ખભેખભા મિલાવીને લડ્યા છે. તે પછી સ્વતંત્રતા બાદ પણ જ્યારે જ્યારે આપણા ઉપર બાહ્ય આક્રમણો થયાં છે ત્યારે પણ તેઓ આપણી સાથે પૂરેપૂરી મક્કમતાપૂર્વક ઊભા રહ્યા છે. અત્યારસુધી રાષ્ટ્ર સામે ઊભા થયેલા દરેક પડકારનો સૌએ સાથે મળીને મક્કમતાપૂર્વક સામનો કર્યો છે. આ સમય છે દેશના હાથ મજબૂત કરવાનો. દેશના હાથ મજબૂત કરવાનો અર્થ અહીં માત્ર સરકારના કે ઇંદિરા ગાંધીના હાથ મજબૂત કરવા એવો નથી બલકે હવે એવો સમય છે કે જ્યારે કોઇપણ ધર્મ, જાતિ કે વર્ગના ભેદભાવ વગર આપણે સૌએ મજબૂત થવાનું છે. જેથી આવી રહેલા વિજ્ઞાનયુગમાં આપણો દેશ પ્રગતિના માર્ગે ઝડપથી આગળ વધી શકે. જ્યારે પણ હું વિજ્ઞાનીઓને મળું છું ત્યારે તેમને મારી એક જ અપીલ હોય છે કે સમગ્ર દેશને લાભ થાય તેવી કોઇ શોધ કરો. આવી શોધો તો થતી રહેશે પણ તેના સમાંતરે આપણે સૌ જ્યાં સુધી એક વૈજ્ઞાનિક અભિગમ નહીં



**આ વક્તવ્યનો ભાવાર્થ સ્વયંસ્પષ્ટ છે. અત્યારનું જે સામાજિક-રાજકીય વાતાવરણ આપણે આપણી આસપાસ જોઇએ છીએ તેની આગાહી આ વક્તવ્યમાં કરવા સાથે તેની ચેતવણી પણ અપાઇ છે. તેનો ઉકેલ શું હોઇ શકે તેની વાત પણ કરી દેવાઇ છે. આ ઉકેલ વ્યવહારમાં ઉતારીએ તે જન્મશતાબ્દીએ સાચી અંજલિ હોઇ શકે છે.**

વિકસાવીએ, જ્યાં સુધી આપણે અંધશ્રદ્ધામાં સબડ્યા કરીશું, અંદરોઅંદર લડવાનું ચાલુ રાખીશું, જાતિવાદને સાંખી લઇશું, જ્ઞાતિ-ધર્મના નામે થતી વાડાબંધીને ઉત્તેજન આપીશું અથવા ભાષાના અને પ્રદેશના નામે ઝગડ્યા કરીશું તો આપણે દેશની એકતા અને અખંડિતતા કેવી રીતે જાળવીશું? જો દેશની અખંડિતતા નહીં જળવાય તો આપણી આઝાદીને આપણે કઇ રીતે સુરક્ષિત રાખીશું અને જો આપણી આઝાદી સુરક્ષિત નહીં હોય તો આપણે શાંતિપૂર્વક વિકાસ કઇ રીતે કરીશું? સૌને સમાન તક ન મળે અને લોકશાહી સતત વિકસતી ન રહે ત્યાં સુધી સાચો વિકાસ શક્ય નથી. આપણી લોકશાહીના લાભ દેશના સૌથી પછાત લોકો અને અંતરિયાળ વિસ્તારો સુધી પહોંચે તે અનિવાર્ય છે. આપણી સતત થતી પ્રગતિ પર વિશ્વની નજર છે. આ સંજોગોમાં બધાં રાજ્યો પ્રગતિ કરતાં રહે અને એ રીતે છેવટે દેશની પ્રગતિમાં યોગદાન આપતાં રહે તે આજના સમયનો તકાજો છે. આ જ રીતે આપણે સૌએ પરસ્પર સંકલન સાધીને આગળ વધતા રહેવાનું છે. આ માટે આપણી સામાજિક શાંતિ અને સામાજિક સમરસતા જાળવવાં પડશે. હાલમાં આ બંને ડહોળવાના થયેલા પ્રયાસોથી સૌ વાકેફ છે. હજી પણ આવા પડકારોનો સામનો કરવાની તૈયારી રાખવી પડશે. તેમ છતાં આપણે આપણી પ્રગતિ અને સૌ પ્રત્યે મૈત્રીભરી નીતિ- બંને અકબંધ રાખ્યાં છે અને હજી પણ અકબંધ રાખીશું. આ તબક્કે આપણને આપણા યુવાધન પાસેથી, આપણી યુવાપેઢી પાસેથી ઘણી આશા છે. તેઓ દેશના ભાવિ વિકાસમાં ઘણું પ્રદાન કરી શકે તેમ છે. હવેના સંજોગોમાં દેશને આગળ લઇ જવાની જવાબદારી માત્ર એક પક્ષ કે કોઇ સરકાર જ નિભાવે તે શક્ય નથી. હવેના સમયમાં દેશને પ્રગતિના માર્ગે અગ્રેસર કરવા અને રાખવા દેશના પુરુષો, મહિલાઓ, આબાલવૃદ્ધ સૌ કોઇએ પ્રતિબદ્ધ થવું પડશે કારણ કે દેશને આગળ લઇ જવાની મૂળભૂત જવાબદારી તેના નાગરિકોની હોય છે. એક પક્ષ કે એક સરકાર એકલે હાથે બધું ન કરી શકે. હું આજે અહીં તમારી સમક્ષ હયાત-હાજર છું, કાલે કદાચ ન પણ હોઉં. પરંતુ આ દેશને સતત આગળ વધારવાની જવાબદારી દરેક નાગરિકની છે. અત્યારસુધી મારા પણ ઘણા હુમલા થયા છે, શક્ય તેટલી તમામ રીતે મને પરાસ્ત કરવાના પ્રયાસો સતત થતા રહ્યા છે. મને મારી સલામતી અને જીવનની પરવા નથી. અત્યારસુધીનું મારું જીવન ઘણું લાંબું રહ્યું છે અને મને ગર્વ છે કે મેં મારું જીવન દેશની સેવામાં સમર્પિત કર્યું છે. આ એક જ બાબતનો મને ગર્વ છે અને તેના સિવાય અન્ય કોઇ બાબત મારા માટે મહત્ત્વની નથી. આ જ કાર્ય હું છેલ્લા શ્વાસ સુધી ચાલુ રાખીશ અને હું એમ ચોક્કસ કહી શકું કે મૃત્યુ પછી પણ આ દેશનાં મૂળિયાં મારા રુધિર દ્વારા સિંચાશે અને એ રીતે આ રાષ્ટ્રની પ્રગતિમાં ફાળો આપશે. ટૂંકમાં આપણે સૌ એક થઇને પ્રગતિના માર્ગે આગળ વધીએ તે સમયનો તકાજો છે. આ રીતે આપણે આગળ વધતા રહીશું ત્યાં સુધી આપણી પ્રગતિ કોઇ અટકાવી નહીં શકે. લાંબાગાળે આપણી રાષ્ટ્રીય એકતા માટે ખતરારૂપ બને તેવા ટૂંકાગાળાના લાભો અને સિદ્ધિઓથી દૂર રહીને સહિયારી રીતે લાંબાગાળાની પ્રગતિ કરવા તરફ આગળ વધીએ. આવા ટૂંકાગાળાના લાભ આપણા માટે નકામા છે તે યાદ રાખીએ. જય હિન્દ." આ વક્તવ્યનો ભાવાર્થ સ્વયંસ્પષ્ટ છે. અત્યારનું જે સામાજિક-રાજકીય વાતાવરણ આપણે આપણી આસપાસ જોઇએ છીએ તેની આગાહી આ વક્તવ્યમાં કરવા સાથે તેની ચેતવણી પણ અપાઇ છે. તેનો ઉકેલ શું હોઇ શકે તેની વાત પણ કરી દેવાઇ છે. દેશહિતને સર્વોપરી રાખીને કાર્યરત થવાનો આ ઉકેલ અને કાર્યશૈલી વ્યવહારમાં ઉતારીએ તે ઇંદિરા ગાંધીને જન્મશતાબ્દીએ સાચી અંજલિ હોઇ શકે છે.